# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંરક્ષણ સન્માન સમારોહમાં શૌર્ય પુરસ્કારો એનાયત કર્યા.

2) વાઇબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સનું આજે કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહના હસ્તે સમાપન થશે.

3) કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના વેચાણ અને વિતરણ પરના અસ્થાયી નિયંત્રણો પાછા ખેંચ્યા.

4) પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાનો નિર્ણય લીધો

5) આગામી ૩જી જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે, સુરક્ષા એજન્સીઓ સજ્જ બની- શ્રદ્ધાળુઓનું પહેલું જુથ જમ્મુ પહોંચ્યુ

6) સરકારે રાષ્ટ્રીય રોકાણ અને માળખાગત ભંડોળ માટે વધારાના 30 હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRESIDENT - ANDHRA PRADESH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી આંધ્રપ્રદેશની બે દિવસની મુલાકાતે રવાના થશે. રાષ્ટ્રપતિ આજે વિજયનગરમ ખાતે સેન્ટ્રલ ટ્રાઇબલ યુનિવર્સિટી ઓફ આંધ્રપ્રદેશના પ્રથમ દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. બાદમાં, રાષ્ટ્રપતિ આવતીકાલે અનંતપુરમુ ખાતે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ આંધ્રપ્રદેશના પ્રથમ દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

# PRESIDENT - AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંરક્ષણ સન્માન સમારોહમાં શૌર્ય પુરસ્કારો એનાયત કર્યા. બહાદુરી બદલ રાષ્ટ્રપતિ ભવનમાં બીજા સંરક્ષણ સન્માન સમારોહમાં આ શૌર્ય પુરસ્કારો એનાયત કર્યા.

સાંભળીએ એક અહેવાલ......

**VC- અમન યાદવ**

# VGRCC SECOND DAY

ગુજરાતના વડોદરામાં ચાલી રહેલી મધ્ય ગુજરાત વાઇબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સનું આજે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના હસ્તે સમાપન થશે. કોન્ફરન્સના બીજા દિવસે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી એરોસ્પેસ સંરક્ષણ અંગે આત્મનિર્ભર ભારત અંગે તેમનું વકત્વ્ય આપશે.

બીજા દિવસની શરૂઆતમાં ફ્યુચર ફૂડ્સ અને સ્માટા પ્રોસેટસિંગ ફૂડ ઈન્ડસ્ટરીને અસર કરતાં પ્રવાહો અંગે ચર્ચા કરવામાં આવશે. તેમજ ક્વોન્ટમ કમ્પ્યુટટિંગ અને ક્વોન્ટમ ટેક્નોલોજીસના વિષય પર પેનલ ચર્ચા સાથે દિવસ દરમિયાન ઉર્જા, મત્સ્ય ઉદ્યોગ, પર્યાવરણને લગતા વિષયો અંગે પણ સેમિનાર અને પેનલ ચર્ચા યોજાશે.

વડોદરામાં ગઇકાલથી મધ્ય ગુજરાત વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો પ્રારંભ થયો હતો જેમાં મધ્ય ગુજરાત માટે 7 હજાર 92 કરોડ રૂપિયાના રોકાણ કરારો કરાયા હતા. જેનાથી રાજ્યમાં 1200થી વધુ નવી રોજગારીની તક ઉભી થશે.

આ ઉપરાંત, MSME ક્ષેત્રે ડિજિટલ વિસ્તાર અને AI ને વેગ આપવા માટે IIT ગાંધીનગર અને IBM ઈન્ડિયા જેવી સંસ્થાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગિફ્ટ સિટી ભારતનું આંતરરાષ્ટ્રિય નાણાકિય પ્રવેશ દ્વાર અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

# OIL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પબ્લિક સેક્ટરની ઓઇલ માર્કેટિંગ કંપનીઓના પેટ્રોલ પંપ દ્વારા મોટર સ્પિરિટ અને હાઇ સ્પીડ ડીઝલના વેચાણ અને વિતરણને નિયંત્રિત કરતા અસ્થાયી નિયામક પગલાંને પહેલી જુલાઈ, 2026થી પાછા ખેંચી લીધા છે.

**BYTE: AADITYA**

# GOVT-SC-STRAY DOGS

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ કેન્દ્ર સરકારના વિભાગો અને સંસ્થાઓને શેરી શ્વાનના હુમલા અંગે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. તંત્ર રખડતા કૂતરાઓના હુમલા, જાહેર સલામતી અને ન્યાયિક નિર્દેશોનું પાલન કરવાના હેતુથી પગલાં મજબૂત કરવા માટે કામ કરી રહ્યુ છે એ દરમિયાન સુપ્રિમ કોર્ટે નિર્દેશો જાહેર કર્યા છે.

તમામ સંબંધિત વિભાગોને સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા નિર્ધારિત સમયમર્યાદામાં લાગુ કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે.આ માર્ગદર્શિકાનો હેતુ બાળકો, મહિલાઓ અને જાહેર માર્ગો ઉપર સતત કાર્યરત લોકોની સલામતીનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## US - IRAN TALKS

**અમેરિકા અને ઈરાન આજે કતારની રાજધાની દોહામાં હોર્મુઝ સ્ટ્રેટ પરના વિવાદને ઉકેલવા માટે વાટાઘાટો કરશે. આ બેઠક અમેરિકા અને ઈરાન વચ્ચે જળમાર્ગ પર ફરી તણાવ વચ્ચે થઈ રહી છે, જેના દ્વારા વિશ્વના 20% ક્રૂડ ઓઈલની વહન થાય છે.**

**બાઇટ: શક્તિસિંહ**

## INDIAN ARMY

**ભારતીય સેનાએ મીડિયા રિપોર્ટ્સને ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ તાજેતરમાં અરુણાચલ**

પ્રદેશમાં ઘૂસીને કેમ્પ બનાવ્યા છે. સેનાએ રિપોર્ટ ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે.

# PAKISTAN-ATTACK

ભારતે પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનની જમીન પર કરવામાં આવેલા હવાઈ હુમલાની સખત ટિકા કરી છે, જેમાં મહિલાઓ અને બાળકો સહિત અનેક નાગરિકોના મોત થયા છે.

એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા આ આક્રમકતાનું સ્પષ્ટ કૃત્ય અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ પર હુમલો છે અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે સીધો ખતરો છે.

ભારતે અફઘાનિસ્તાનના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે, અને ઘાયલોના વહેલા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે. ભારતે અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે તેના અટલ સમર્થનનો પણ પુન:રોચ્ચાર કર્યો છે.

# FILM INDUSTRY

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે ભારતીય ફિલ્મ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી બે મુખ્ય નિર્ણયોની જાહેરાત કરી છે. ગઈકાલે નવી દિલ્હીમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

મંત્રાલયે રાજ્યો દ્વારા સ્ટેટ સિનેમા રેગ્યુલેશન્સ એક મોડેલ પણ તૈયાર કર્યું છે. નિયમોને અપનાવવા માટે તમામ રાજ્ય સરકારોને મોકલવામાં આવ્યા છે.

## બાઇટ – વૈશનવી

## WEST BANGLA

પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે ગુરુવારે નિર્ધારિત રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં બિલનો ડ્રાફ્ટ પ્રસ્તાવ રજૂ કરાશે. ગુજરાત, ઉત્તરાખંડ અને આસામના મોડેલને અનુસરીને, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના દેસાઈના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સમિતિ લગ્ન, છૂટાછેડા અને દત્તક લેવા સહિત કુલ નવ વિષયો પર અભ્યાસ કરશે અને ચાર અઠવાડિયામાં તેનો અહેવાલ રજૂ કરશે, જેના આધારે રાજ્ય સરકાર કોડ ઘડશે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે અનુસૂચિત જનજાતિ (આદિવાસી), કુર્મી અને પ્રાચીન સ્વદેશી સમુદાયોને આ કાયદાના કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવશે.

# J&K - AMARNATH YATRA

આગામી 3જી જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા પહેલા, સુરક્ષા એજન્સીઓએ પંજાબથી જમ્મુ અને કાશ્મીર સુધીના યાત્રા માર્ગ પર ચુસ્ત બંદોબસ્ત સાથે દરેક ગતિવિધિ પર ધ્યાન રાખી રહ્યા છે.

57 દિવસ કસુધી ચાલનારી આ યાત્રા માટે શ્રદ્ધાળુઓનો પહેલો સમૂહ જમ્મુ પહોંચ્યો છે. જમ્મુમાં, ગતિવિધિ પર ધ્યાન રાખવા માટે ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ને સંપૂર્ણપણે સક્રિય કર્યું છે, જે 600 થી વધુ હાઇ-ડેફિનેશન CCTV કેમેરાથી સજ્જ છે, જેમાં લાંબા અંતરના પેન-ટિલ્ટ-ઝૂમ (PTZ) કેમેરાનો સમાવેશ થાય છે.

જમ્મુ અને કાશ્મીર પોલીસની "થર્ડ આઈ" સર્વેલન્સ સિસ્ટમ પણ સક્રિય કરવામાં આવી છે. યાત્રા દરમિયાન અસરકારક સંકલન અને ઝડપી પ્રતિભાવ માટે સંકલિત કમાન્ડ સેન્ટર યાત્રા રૂટ, બેઝ કેમ્પ, મેડીકલ સુવિધાનું નિરીક્ષણ પૂરું પાડશે.

# NIIF

સરકારે રાષ્ટ્રીય રોકાણ અને માળખાગત ભંડોળ માટે વધારાના 30 હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા છે તે સાથે હવે આ ભંડોળ 60 હજાર કરોડ રૂપિયા થયું છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ગત અઠવાડિયે માળખાગત રોકાણને વેગ આપવા માટે આ ભંડોળમાં 30 હજાર કરોડ રૂપિયાના વધારાના રોકાણને મંજૂરી આપી હતી. તે પરિવહન, ઊર્જા, ડિજિટલ માળખાગત સુવિધાઓ અને શહેરી માળખાગત સુવિધાઓ અને ઇ-મોબિલિટી જેવા ઉભરતા ક્ષેત્રોમાં રોકાણ કરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં વિવિધ સમાચારો છપાયા છે.
- ગુજરાત સમાચાર અને નવગુજરાત સમય લખે છે કે, દિલ્હીમાં નવી EV પોલિસી: 2028 થી પેટ્રોલ ટુ-વ્હીલર બંધ, ઇલેક્ટ્રિક વાહનોને 1 લાખ સુધીની સબસિડી.
- "પાકિસ્તાનનો અફઘાનિસ્તાન પર હુમલો: 40ના મોત." ના સમાચાર સંદેશે પ્રથમ પાને છાપ્યા છે. અને ફૂલછાબે પણ અફઘાનિસ્તાન પર હુમલાના સમાચાર મુખ્ય મથાળે લીધા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, 2029થી અમરનાથ ગુફા સુધી કેબલ કાર ચલાવવાની તૈયારી.
- સ્થાનિક સમાચારોમાં 3 વાઇબ્રન્ટ રિજનલ કોન્ફરન્સમાં 13.30 લાખ કરોડના રોકાણ માટે 9 હજાર 499 MOU થયા, 5 જીલ્લાના 3 હજાર 611 એકર વિસ્તારમાં 8 નવી GIDCની સ્થાપના કરાશે, ભારે વરસાદની આગાહી વચ્ચે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જેવા સમાચાર વાંચવા મળી રહયા છે.